Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH




ઓ ચેતન !

તારી શક્તિને તું કેમ ભૂલી ગયેલ છો ? તારા જીવનમાંથી પ્રગટતી અસંખ્ય કલા–ઉર્મિઓ એ શું તારી મહત્તાનું પ્રતીક નથી ? તારો આત્મા મહાનને ઝંખે છે. તારી ઉર્મિઓ પાવન સત્વ માટે ઉછળે છે, ભાવનાઓ સર્જન માટે તલસે છે અને તારા સમસ્ત પ્રાણ કોઈ અદૃષ્ટ ભણી ખેંચાય છે: આ બધું શું સૂચવે છે ? તને તારી આ દિવ્યતાની કલ્પના નથી; તેથી જ તું તને નિર્બળ માને છે. માણસને પોતાનું મુખ કેવું છે તેની ખબર નથી. એ આરસીમાં જુએ છે ત્યારે જ એની વિશિષ્ટતા એને દેખાય છે તેમ તારા મહાન આત્માની પણ તને પિછાન નથી. ઓ મહાન ! તું સંકલ્પ કર. સિદ્ધિ તારી પાસે છે; દૂર નથી, નજીક છે. કાંઈ જ અશકય નથી, બધું જ શકય છે. ઇચ્છાશક્તિને જાગૃત કર. એક જ ધ્યેયથી, એક જ હેતુથી, એક જ ભાવનાથી આગળ વધ. સિદ્ધિનાં નીર હાથ હાથના સો ખાડા ખોદવાથી નથી મળતાં, પણ સો હાથનો એક જ ખાડો ખોદવાથી મળે છે.

ચન્દ્રપ્રભસાગરજી


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૬
અંક ૪

મહા
સં. ૨૦૧૫


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષયાનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. સુભાષિત | | ૪૧ |
| ૨. કર્મ રમકડાં છે | ( શ્રી પાદરાકર ) | ૪૨ |
| ૩. ચૈત્યવંદન ચતુર્વિંશતિકા | ( પં. શ્રી સુશીલવિજયજી ) | ૪૩ |
| ૪. દાર્શનિક સાહિત્યમાં દૃષ્ટાંતો અને ઉપમાએ | ( પ્રા. જયંતિલાલ ભા. દવે ) | ૪૫ |
| ૫. સત્યમિત્રતાનું સ્વરૂપ | ( અનુ. વિ. મૂ. શાહ ) | ૪૮ |
| ૬. લોભને થોભ નહિ | ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી ) | ૫૦ |
| ૭. પ્રસંગોપાત સત્ય પ્રગટે છે | ( શ્રી બાલચંદ હીરાચંદ ' સાહિત્યચંદ્ર ' ) | ૫૨ |
| ૮. બંધુમતી | ( જયભિખ્ખુ ) | ૫૪ |



## જીવનને ઘડવામાં ઉપયોગી

# બે પ્રાણવાન પ્રકાશનો

## જ્ઞાનપ્રદીપ ( ભાગ ૧ થી ૩ )

આ ગ્રંથમાં સ્વ. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલા આધ્યાત્મિક લેખોનો સર્વ–સંગ્રહ રજૂ કરવામાં આવ્યો છે.

લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઇ જાય છે. ટૂંકામાં આત્મસિદ્ધિ માટે આ ગ્રંથ ખાસ વાચન–મનન કરવા જેવો છે. લગભગ છ સો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા. ૮-૦ રાખ-વામાં આવેલ છે ( રવાનગી ખર્ચ અલગ )

## કથાદીપ

લેખક મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ )

તત્ત્વચિંતક મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી( ચિત્રભાનુ )ના આ ગ્રંથ સંબંધી સુવિખ્યાત નવજીવન પત્ર પરિચય આપતાં જણાવે છે કેઃ–

જૈન મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું આ પુસ્તક આવકારપાત્ર છે. એમાં સંગ્રહિત થયેલી ૨૩ લઘુકથાઓ આપણા જીવનને ઘડવામાં ઉપયોગી થાય એવી છે. એમાં મુનિશ્રીનું ઊંડું ચિંતન તેમજ નિર્મળ દર્શન દૃષ્ટિએ પડ્યા વિના રહેતા નથી. દરેક કથાની શરૂઆતમાં આપેલા વિચાર મૌક્તિકો પણ સુવિચારપ્રેરક છે. સૌને આ પુસ્તક ગમે એવું છે. કિંમત દોઢ રૂપિયો ( પોસ્ટેજ અલગ ) બન્ને ગ્રંથરત્નો આજે જ મંગાવો.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૬ મું ] સં. ૨૦૧૫ મહા [ અંક ૪ થો


## સુભાષિત

**निष्णातोऽपि च वेदान्ते साधुत्वं नैति दुर्जनः ।**
**चिरं जलनिधौ मग्नो मैनाक इव मार्दवम् ॥**

(અનુવાદ)

**દુષ્ટ છો હોય વેદાન્તી, ન તેને સાધુતા વરે,**
**સદા સાગરમાં મગ્ન, મૈનાક મૃદુતા ધરે ?**

**વિવરણ**—કહેવાય છે કે પર્વતોને પહેલાં પાંખો હતી અને તે પાંખોનો **ઇન્દ્રે નાશ** કર્યો હતો (ત્યારથી જ ઇન્દ્રનું નામ **पक्षच्छिद्** પડ્યું છે) તે સમયે **ભયકંપિત મૈનાક** પર્વતે સમુદ્રનો આશરો લઇ પોતાની જાતને બચાવી લીધી. આ **સુભાષિતમાં** કવિએ મૈનાકનું સચોટ ઉદાહરણ ટાંકી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે જેમ સતત પાણીમાં રહેવા છતાં પણ એ પર્વત જરાય મૃદુ ન બન્યો તેમ કોઇ દુષ્ટ જન ભલેને વેદાન્તનો ધુરંધર વિદ્વાન હોય તો પણ તે સજ્જન નથી બનતો. ભર્તૃહરિના એક સુભાષિતમાં પણ આ જ વાત સુંદર દૃષ્ટાંતથી સમજાવવામાં આવી છે.

**दुर्जनः परिहर्तव्यो विद्ययालंकृतोऽपि सन् ।**
**मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ? ॥**

વિદ્યાથી શણગારાયલો છતાં દુર્જન હંમેશાને માટે ત્યાગ કરવા યોગ્ય છે. મણિથી શોભતો એવો સર્પ શું ભયંકર નથી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મ રમકડાં છે

( ઝીણા ઝરમર વરસે મેહ–એ રાગ )

સુખ દુખ સંયોગ વિયોગ–કર્મ રમકડાં છે.
હંસલ આતમને દેશ, એ સૌ સરખા છે–
દષ્ટિ જ્ઞાનતણી જો પામ્યા, સુખ દુખ ભેદ ભુલાય રે !
કર્યાં કર્મ ઉદયે આવીને, સુખ દુખ આપી જાય !–કર્મ–
કોઈ કોઇને સુખ દુખ આપે એ છે મિથ્યા અહંકાર રે !
નિજનું પણ નવ જાણી શકે તે અન્યનું શું કરનાર ?–કર્મ–
મનુષ્ય ભૂલે માનવતાને, કર્મ ધર્મ વિવેક રે !
વિચાર ને આચાર ભૂલે ત્યાં, કર્મ રાય દે ઠેસ–કર્મ–
હંસલ જ્ઞાની ગુરુગમ પામી, કરો વિવેક વિચાર રે !
કર્મ રાય સત્તા છે જબરી, પામે નહિ કો પાર !–કર્મ–
લક્ષ્મી સત્તા રૂપ યુવાની, આયુ છે દિન ચાર રે !
કર્મ રમકડાં માનવ રમતો લહે ન ભેદ લગાર !–કર્મ–
વિયોગ ને સંયોગ સુજેલાં, માનવ મૂઢ રમનાર રે,
પછી ભય શંકા દુખ વ્યગ્રતાથી પોતે રડનાર–કર્મ–
પ્રભુ કથેલા ધર્મ મર્મ ના સમજે જ્ઞાની સાર રે !
સમભાવે વેદે કર્મોને, ડગે નહિ તલભાર !–કર્મ–
હંસલ જ્ઞાની આતમ ભાની, ભમો ન ભ્રમણા જાળ રે !
હું તું ને અભિમાન દંભના, ચીર પડદા તત્કાળ ! કર્મ–
કર્મ ઘડ્યાં મળવા દિન ચાર જ પ્રેમનો પારાવાર રે !
સફળ કરો મનુ ભવ નિજ જ્ઞાને, ફેરી નહિ મળનાર !–કર્મ–
અંતરાત્મ સાધક જો જ્ઞાની આત્મરમણ રમનાર રે !
કર્મ રાયને જીતી રહેજે, પ્રભુ પદ ધારણહાર !–કર્મ–
હંસલ વહાલા ! કાલાવાલા, કરું ઉભય કર જોડ રે !
કર્મ રાયની ફાંસામણી મણિ બંધન જ્ઞાને તોડ !–કર્મ–

શ્રી પાદરાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चैत्यवन्दनचतुर्विंशतिका ॥

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૨૮–થી )

ભાવાર્થકાર :— પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણી.

## पञ्चम तीर्थङ्कर

## श्रीसुमतिनाथजिनेन्द्र चैत्यवन्दनम् [ ५ ]

( उपेन्द्रवज्रा-छन्दः )

सुवर्णवर्णो हरिणा सवर्णो, मनोवनं मे सुमतिर्बलीयान् ।
गतस्ततो दुष्टकुदृष्टिराग–द्विपेन्द्र ! नैव स्थितिरत्र कार्या ॥ १ ॥

દુષ્ટ કુદૃષ્ટિરૂપ રાગરૂપી હે હસ્તિ! (હે હાથી!) સોનાના સરખા વર્ણવાળા અને સિંહસમાન એવા બલીષ્ઠ સુમતિનાથ ભગવાન્, મારા મનરૂપી વનમાં ગયા છે ( અર્થાત્ પધાર્યા છે ) માટે અહિં તારે ઊભા રહેવું નહીં. ( અર્થાત્ હવે તું અહિં ઊભો રહીશ નહિં. ) (૧)

जिनेश्वरो मेघनरेन्द्रसूनु–र्घनोपमो गर्जति मानसे मे ।
अहो गुरुद्वेषहुताशन ! त्वा–मसौ शमं नेष्यति सद्य एव ॥ २ ॥

મોટા દ્વેષરૂપી હે અગ્નિ! મેઘસમાન એવા મેઘરાજાના પુત્ર સુમતિનાથ જિનેશ્વર મારા મનમાં ગર્જારવ કરી રહ્યા છે, અને એ તને જલ્દી બુજાવી દેશે. [ માટે જલ્દી તું હવે ચાલ્યો જા ] (૨)

इतः सुदूरं व्रज दुष्टबुद्धे !, समं दुरात्मीयपरिच्छदेन ।
सुबुद्धिभर्ता सुमतिर्जिनेशो मनोरमः स्वान्तमितो मदीयम् ॥ ३ ॥

હે દુષ્ટ બુદ્ધિ! તારા દુષ્ટ પરિવારની સાથે ખૂબ જ દૂર ચાલી જા, કારણ કે-સુબુદ્ધિના મનોહર એવા સુમતિનાથ જિનેશ્વર મારા અંતઃકરણમાં પધારેલા છે. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## षष्ठ तीर्थङ्कर

# श्री पद्मप्रभजिनेन्द्र चैत्यवन्दनम् [ ६ ]

( भुजङ्गप्रयात–छन्दः )

उदारप्रभामण्डलैर्भासमानः, कृताऽत्यन्तदुर्दान्तदोषापमानः ।
सुसीमाङ्गजः श्रीपतिर्देवदेव !, सदा मे मुदाऽभ्यर्चनीयस्त्वमेव ॥ १ ॥

હે દેવાધિદેવ ! ઉદાર એવા મોટા ભામંડલવડે શોભતા અથવા ઉત્તમ એવી જે પ્રભા તેના મંડલવડે શોભતા, અત્યંત કઠીનતાથી હઠાવી શકાય એવા દોષોને જેણે નિરસ્ત કર્યા છે એવા, સુસીમાદેવીના પુત્ર, શ્રીદેવીના પતિ, આપ જ મને હમેશાં આનંદથી પૂજનીય છો. (૧)

यदीयं मनःपङ्कजं नित्यमेव, त्वयाऽलङ्कृतं ध्येयरूपेण देव ! ।
प्रधानस्वरूपं तमेवाऽतिपुण्यं, जगन्नाथ ! जानामि लोके सुधन्यम् ॥ २ ॥


હે દેવ ! જેનું હૃદયકમળ ધ્યેય એવા આપના વડે કરીને હમેશાં જ અલંકૃત છે, ઉત્તમ સ્વરૂપવાળા એવા એને જ અત્યંત પુણ્યશાળી અને લોકમાં ધન્યવાદને પાત્ર હે જગન્નાથ ! હું માનું છું–સમજું છું. (૨)

अतोऽधीश ! पद्मप्रभाऽऽनन्दधाम, स्मरामि प्रकामं तवैवाङ्ग नाम ।
मनोवाञ्छितार्थप्रदं योगिगम्यं, यथा चक्रवाको रवेर्धामरम्यम् ॥ ३ ॥

હે પદ્મપ્રભ સ્વામી ! આનંદનું ધામ, મનોવાંછિત ફળને આપનાર અને યોગીજનને ગમ્ય એવું તમારું જ નામ ખૂબ જ યાદ કરું છું. જેમ ચક્રવાક પક્ષી રમ્ય એવા સૂર્યના તેજને ઇચ્છે છે તેમ. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દાર્શનિક સાહિત્યમાં

# દૃષ્ટાન્તો અને ઉપમાઓ

( કાર્તિક–માર્ગશીર્ષના અંકથી ચાલુ )

પ્રા. જયંતિલાલ ભાઈશંકર દવે. એમ. એ.

હવે આપણે જૈન દાર્શનિક અને ધાર્મિક સાહિત્યમાંથી થોડાંએક દૃષ્ટાંતો લઈશું.

જન્મથી આંધળાઓએ એક વાર હાથી કેવો હોય તે બાબતમાં ખૂબ વિવાદ કર્યો. એક જન્માંધે કહ્યું કે હાથી ઘડા જેવો છે. બીજાએ કહ્યું કે સૂપડા જેવો છે. અને ત્રીજાએ કહ્યું કે તે થાંભલા જેવો છે. ઘડા જેવો છે એમ કહેનારે માત્ર માથાનો જ સ્પર્શ કરેલો. સૂપડા જેવો હાથી છે એમ કહેનારે માત્ર હાથીના કાનનો જ સ્પર્શ કરેલો. અને થાંભલા જેવો છે એમ કહેનારે માત્ર તેના પગનો જ સ્પર્શ કરેલો. આંખ ન હોવાથી વસ્તુજ્ઞાન એકાંગી બને છે તેનો આ નમૂનો છે. જ્યારે આંધળાઓને સમજાયું કે તેઓ સમગ્ર હાથીના શરીરને સ્પર્શી શકયા નહોતા તેથી જ વિવાદ અને ઝઘડાને સ્થાન હતું. આ દૃષ્ટાંતમાં ઘણું રહસ્ય રહેલું છે. આપણે છતી આંખે આંધળા જેવા જ છીએ. દરેક વસ્તુને ભાવાત્મક અને અભાવાત્મક અનેક ગુણ ધર્મો છે. **अनंत-धर्मात्मकं वस्तु.**

બીજો દાખલો લઈએ. એક ઢાલ છે તે એક તરફથી સોનાની છે અને બીજી બાજુથી પીત્તળની છે. સોનાની બાજુ જોનારને એમ લાગશે કે ઢાલ સોનાની જ છે. પીત્તળની બાજુ જોનારને એમ લાગશે કે ઢાલ પીત્તળની છે, માટે જ કહ્યું છે કે એક માત્ર બાજુ જોનારી દૃષ્ટિ એકાંતદૃષ્ટિ છે. અનેક બાજુઓને જોનારની દૃષ્ટિ અનેકાંતદૃષ્ટિ છે. તમામ અને વિવિધ અપેક્ષાદૃષ્ટિઓ દ્વારા સમન્વયે કરી વિરુદ્ધ દેખાતા મતોની સમુચિત સંગતિ કરવી એ જ અનેકાંત-દૃષ્ટિનું વાસ્તવિક સ્વરૂપ છે. એક જૈન ગ્રંથમાં આ આખો વિષય એક જ શ્લોકમાં સમાવી દેવામાં આવ્યો છે :—

जो एगं जाणइ सो सव्वं जाणइ
जो सव्वं जाणइ सो एगं जाणइ ।
य एकं जानाति स सर्वं जानाति
यः सर्वं जानाति स एकं जानाति ।

( षड्दर्शनसमुच्चय टीका )

અર્થાત્—જે એકને એટલે સમગ્રને જાણે છે તે તેના બધા અંગો–ઉપાંગોને જાણે છે અને જે વસ્તુના તમામ અંગો ઉપાંગોને જાણે છે તે સમગ્ર વસ્તુને જાણે છે. એક બીજો એવી જ મતલબનો શ્લોક જરા વધારે સુંદર લાગવાથી અહિં આપું છું.

एको भावः सर्वथा येन दृष्टः
सर्वे भावाः सर्वथा तेन दृष्टाः ।
सर्वे भावाः सर्वथा येन दृष्टाः
एको भावः सर्वथा तेन दृष्टः ॥

( षड्दर्शनसमुच्चय टीका )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્—વસ્તુનો એક સ્વ-ભાવ તે વસ્તુમાં અંતર્ગત બીજા સ્વ-ભાવો સાથે ઓતપ્રોત હોવાથી એકને સંપૂર્ણપણે જાણીએ તો આપોઆપ બીજા સ્વભાવો પણ જાણવામાં આવે. અને એક વસ્તુને પૂર્ણપણે જાણીએ તો તેમાં રહેલા તમામ ગુણધર્મો આપોઆપ જ્ઞાત થાય જ. આમાં અનેકાંતવાદનું સારતમ રહસ્ય ટૂંકમાં પણ કેટલું મનોરમ શૈલીમાં સમજાવ્યું છે ?

જગતની દરેક વસ્તુ ઘણાઘણા ગુણધર્મોવાળી હોવાથી તેનો જો એક જ ગુણધર્મ લક્ષમાં લઈ તેનું હઠાગ્રહપૂર્વક પ્રતિપાદન કરવામાં આવે તે તેને જ પૂર્ણ સત્ય માની લેવામાં આવે ત્યારે મતાગ્રહો ઊભા થાય છે. સત્યના એક અંશને સંપૂર્ણ સત્ય માની લેવાથી બૌદ્ધિક અથવા માનસિક ભૂમિકા પર હિંસા ઉત્પન્ન થાય છે અને તેનું પરિણામ કાયિક હિંસામાં જ આવે છે. પહેલાં શબ્દવ્યાપાર, પછી મારામારી કરવા સારૂ હસ્તવ્યાપાર; માટે જ **અહિંસાની સાર્વભૌમ પ્રતિષ્ઠા કરવા માટે તેના મૂળમાં અનેકાંતદષ્ટિ પાયારૂપે રહેલી છે.**

સંસારસુખની ક્ષણભંગુરતા, અનર્થકારિતા અને આત્મશત્રુતા બતાવવા માટે ઉત્તરાધ્યયનસૂત્રમાં અનેક ગાથાઓ છે. તે બધી આ નાના લેખમાં આવી શકે નહિ, પણ એક ગાથા મને સુંદર લાગવાથી તે આપું છું :—

**जहा किंपागफलाण, परिणामो न सुंदरो।**
**एवं भुत्ताण भोगाणं, परिणामो न सुंदरो ॥**

અર્થાત્—જેમ કિંપાક ફળ ખાવાનું પરિણામ સારું આવતું નથી તેવા જ રીતે ભોગવેલા ભોગોનું પરિણામ સારું આવતું નથી. જંગલમાં કેટલાંક ઝાડનાં ફળ ખૂબ મીઠાં હોય છે પણ તેમાં હલાહલ ઝેર હોવાથી માણસ તે ફળ ચાખ્યા પછી તુરત જ ઢળી પડે છે અને મરી જાય છે. સાંસારિક કામભોગ અને સર્વપ્રકારની તમોગુણી વાસનાઓની તૃપ્તિનું આવું જ પરિણામ આવે છે. કિંપાક એવું કોઈ વિષવૃક્ષ હોવું જોઈએ. વળી તેનાં રૂપ–રંગ-સ્વાદ પણ ખૂબ આકર્ષક હોવાં જોઈએ પરંતુ માણસ તે ખાય તો મરણને શરણ જ થાય. બાઈબલમાં આદમને સ્વર્ગ-વાટિકાના એક વૃક્ષના ફળને ચાખવાની મનાઈ કરી હતી પરંતુ શયતાનના ફોસલાવવાથી આદમે તે નિષિદ્ધ વૃક્ષનું ફળ ચાખ્યું અને તેની અધોગતિ થઈ. બાઈબલની આ પુરાણ કથાનું રહસ્ય પણ ઉપર વર્ણવેલ ગાથાના અર્થ જેવું જ છે એમ બાઈબલના કેટલાક વિદ્વાન યુરોપીયન ભાષ્યકારો માને છે! કિંપાકવૃક્ષફળની ઉપમા અને બાઈબલના નિષિદ્ધ ફળનું કથાનક બન્નેનો સાર એક જ હોવો જોઈએ એમ મને પણ નિર્ભ્રાન્તપણે લાગે છે.

હવે એક દૃષ્ટાંત દશવૈકાલિક ચુલિકામાંથી આપું છું. તેમાં શરીરને વહાણની ઉપમા આપી છે :—

**सरीरमाहु नावत्ति, जीवो वुच्चई नाविओ।**
**संसारो अण्णवो वुत्तो, जं तरन्ति महेसिणो ॥**

અર્થાત—શરીરને નાવ કહ્યું છે, જીવ નાવિક કહેવાયો છે, સંસાર અર્ણવ એટલે દુષ્પાર મોટા સાગર કહેવાય છે. આ સંસાર સમુદ્રને મહર્ષિ લોકો તરવાને અને સામે પાર જવાને સમર્થ છે.

જૈન આગમોમાં મુખ્ય પંચપ્રતિક્રમણ સૂત્ર, દશ-વૈકાલિક, ઉત્તરાધ્યયન, સૂત્રકૃતાંગ, આચારાંગ વગેરે વગેરે ખૂબ પઠન કરવા યોગ્ય છે. આ બધામાં ઉપમાઓ અને દૃષ્ટાંતો એટલાં બધાં આપ્યાં છે કે તે બધા આ નાના લેખમાં ઉતારવાં શક્ય નથી પરંતુ બે ત્રણ મને જે ખૂબ ગમી ગયાં તે અહીં આપ્યાં છે.

છેલ્લે મુક્ત જીવ અને સંસારી જીવનો ભેદ દર્શાવવા બે સરસ ઉપમાઓ જૈન ધાર્મિક સાહિત્યમાં ખૂબ જાણીતી છે. આ ઉપમાઓ છે તુંબડાની અને એરંડ-બીજની, જીવ કર્મપુદ્ગલના અનેક જન્મના સંગ્રહથી તેના ભારથી એટલા બધા બંધનોથી દબાયેલો હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે તરનાર માણસને ગળે એકેક ખાંડીના વજનની શિલાઓ બાંધી હોય તો તે પાણીમાં તરી શકે નહિ પણ જરૂર ડૂબે. ગળે બાંધેલી શિલાઓ દૂર કરો કે તુરત જ તરવામાં મુશ્કેલી નહિં નડે તે પાણીની ઉપર જ રહેશે. તેવી રીતે તુંબડાની ઉપર અસંખ્ય માટીના લેપો કર્યા હોય અને તે તુંબડાને પાણીમાં મૂક્યું હોય તો તે કોટિઉપાયે પણ તરે નહિં અને જરૂર ડૂબે જ પણ લેપો ખસી જતાં જ તે **સ્વ-ભાવથી** જ પાણી ઉપર તરી આવે છે. જીવ પણ **સ્વ-ભાવથી** શુદ્ધ હોય છે પણ જન્મ-જન્માંતરનાં કર્મપુદ્દગલો તેને ચોંટવાથી તે બંધનમાં પડ્યો છે, બંધનો દૂર કરો એટલે નિર્લેપ તુંબડાની પેઠે પાણી ઉપર પરમહંસના જેમ તરી શકશે અને સંસારસમુદ્રનો પાર પણ જઈ શકશે. સંસારી જીવને એરંડબીજની ઉપમા આપી છે. જેમ કોશમાં એટલે જીંડવામાં રહેલું એરંડબીજ કોશ તૂટતાં જ ઊડીને બહાર નીકળે છે તેમ અનેક જન્મનાં કર્મબંધનો તૂટી જતાં જીવ **સ્વ-ભાવને** પામે છે.

વળી મુક્ત જીવનો **સ્વ-ભાવ** ઊંચે જવાનો છે. ગીતામાં પણ આવી જ મતલબનો એક શ્લોક છે જે અહિં અસ્થાને નહિં ગણાય.

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था
मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था-
अधोगच्छन्ति तामसाः ।।

અર્થાત્ સત્ત્વપ્રધાન જીવો ઊર્ધ્વગામી હોય છે, રજોગુણી મધ્યમાં એટલે સંસારમાં રહે છે પણ ખૂબ નિંદવા લાયક તમોગુણપ્રધાન લોકોની તો અધોગતિ જ છે.

ટૂંકામાં મિથ્યાત્વજન્ય અને અજ્ઞાનકાલિમા-જન્ય કર્મનાં મળો જ્યારે દૂર થાય છે ત્યારે જીવ શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સિદ્ધ બને છે.

---

उद्घाटितनवद्वारे पंजरे विहगोऽनिलः ।
यत् तिष्ठति तदाश्चर्यं प्रयाणे विस्मयः कुतः ? ।।

ખુલ્લાં જેનાં નવ દ્વારો, પાંજરે પ્રાણ પંખીડું;
પુરાઈ રહે ને તે કૌતુક, ઊડી જતાં નવાઈ શી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય મિત્રતાનું સ્વરૂપ

( અનુસંધાન પૃષ્ઠ ૩૭ થી શરૂ )

અનુ૦ વિ. મૂ. શાહ

સિનેકાએ એક સ્થળે લખ્યું છે કે મિત્રતામાં સહજ પણ સંકોચ ન હોવો જોઈએ. મિત્રતાનો સંબંધ શરૂ થયા પહેલાં તમારી ઈચ્છાનુસાર વિચાર કરો. પરંતુ મિત્રતા થયા પછી શંકા અથવા ઈર્ષ્યા-યુક્ત વિચારોને તિલાંજલી આપો. કોઈની સાથે મિત્રતા શરૂ કર્યા પહેલાં વિચાર કરવા માટે સમયની અગત્યતા છે, પરંતુ એક વખત નિશ્ચય કર્યા પછી તે તમારા હૃદયમાં વસવાને અધિકારી બને છે. મિત્રતાનો હેતુ એ છે કે તમારી જાત કરતાં પણ તમને તમારા મિત્રો પર અધિક પ્રેમ હોવો જોઈએ. અને માત્ર પ્રાજ્ઞ પુરુષો જ મિત્રો થઈ શકે છે એ સૂત્રના અભિજ્ઞાનથી તમારા મિત્રોની ખાતર જરૂર પડે તો તમારી જિંદગીનો પણ ભોગ આપવા તમારે તૈયાર રહેવું જોઈએ.

તે જ મનુષ્ય બીજાના સેવામાં પોતાનું જીવન અર્પી શકે છે કે જેને તે બીજા પાસેથી મળી શકે છે. આ એક પ્રકારનું બીજારોપણ છે. જેમાંથી પુષ્કળ ધાન્ય ઉત્પન્ન થઈ શકે છે. જે માણસ પોતાથી બને તેટલું મેળવવાનો યત્ન કરે છે અને તેમાંથી કોઈને કાંઈ આપતો નથી તે વાસ્તવિક દ્રવ્ય પ્રાપ્ત કરી શકતો નથી. જે ખેડૂત બીજનું રોપણ કરવા કરતાં બીજનો સંચય કરવાથી પોતાને વધારે લાભ થશે એવો વિચાર કરીને બીજનો સંચય કરવા લલચાય છે તેના જેવો જ ફક્ત મનુષ્ય ગણી શકાય. તે ભૂમિમાં બીજનું રોપણ કરતો નથી, કેમકે બીજની અંદર તેને ધાન્ય દેખાતુ નથી. આપણે પોતે વિકાસક્રમમાં કેટલા આગળ વધ્યા છીએ તેનો વિચાર કરવા કરતાં આપણે કેટલા માણસોને આગળ વધવામાં મદદરૂપ થયા છીએ તેનો જ વિચાર કરવો વિશેષ ઉચિત છે. જે મનુષ્યો સમાજની સેવામાં પોતાનું જીવન અર્પણ કરે છે તેઓ જ વસ્તુતઃ દ્રવ્યવાન ગણી શકાય છે. આવા લોકો પોતાની શક્તિનો કે સેવાનો વિક્રય કરવા કદિ ઈચ્છા રાખતા નથી; કેમકે તેઓ સહુને પોતાના બંધુ અર્થાત્ મિત્ર સમાન હમેશાં લેખે છે. જેવી રીતે ખેડૂત ભૂમિમાં બીજનું રોપણ કરી પુષ્કળ ધાન્ય મેળવી શકે છે તેવી જ રીતે આ કક્ષાના મનુષ્યો પોતાના દેશને પોતાનું સર્વસ્વ સમર્પી ઈતિહાસના પૃષ્ઠ પર પોતાના નામો અમર કરી શકે છે.

આપણા અત્યંત પ્રવૃત્તિમય જીવનનો એક ખેદજનક દોષ એ છે કે આપણે દ્રવ્ય સંચય કરવાને તણાઈ જવામાં સારા મિત્રો ગુમાવી બેસીએ છીએ. તેમજ નવા મિત્રો કરી શકતા નથી. કેમકે અત્યંત પ્રવૃત્તિશીલતાને લઈને આપણે તે કાર્ય માટે સમયનો બચાવ કરી શકતા નથી. વિશાળ સાધનો અને આશ્ચર્યભૂત પ્રસંગો આપણામાં અતિઉગ્ર લોભદશાનો સંચાર કરે છે. મહાન ઐહિક લાભો જોઈને આપણો સ્વાર્થી સ્વભાવ અને આપણામાં રહેલી પશુવૃત્તિ ઉશ્કેરાય છે. એને પરિણામે. આપણે એટલા બધા તીવ્ર વેગથી ધસ્યા જઈએ છીએ કે જે મિત્રો આપણને આપણા લક્ષ્યસ્થાને પહોંચવામાં મદદ કરે છે, તે સિવાય અન્ય મિત્રો કરવાનો આપણને અવકાશ રહેતો નથી. આનું પરિણામ એ આવ્યું છે કે આપણે આનંદદાયક અને લાભકારક ઘણી ઓળખાણો કરી શક્યા છીએ, પરંતુ મિત્ર શબ્દના સાચા અર્થમાં આપણે ઘણા થોડા મિત્રો મેળવી શક્યા છીએ. હકીકત એ છે કે એ મહાન દેખાતા લાભોને લીધે આપણામાં કેટલાક અપ્રશસ્ત ગુણો ખીલે છે અને ઘણાખરા પ્રશસ્ત ગુણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કપાઈ જાય છે. અને અમુક અંશે લુપ્ત થાય છે. ધન મેળવવા માટે આપણે આપણા મગજમાં રહેલા અનેક દ્રવ્યપિંડને કેળવ્યા છે અને તેમ કરવા જતાં આપણે અમૂલ્ય વસ્તુ ગુમાવી બેઠા છીએ. આપણે મિત્રતાને, શક્તિને અને સમયને વ્યાપારમય કરી મૂકયા છે. દરેક વસ્તુનો ઉપયોગ આપણે પૈસા પ્રાપ્ત કરવામાં કર્યો છે અને પરિણામ એ આવ્યું છે કે આપણે પૈસા પ્રાપ્ત કરી શક્યા છીએ. પરંતુ અન્ય કંઈ પ્રાપ્ત કરી શક્યા નથી. હજારો ધનવાન માણસોની તેઓના વ્યાપાર-ક્ષેત્રની બહાર કશી ગણના થતી નથી. ઉચ્ચતર કોટિના મનુષ્ય તરીકે ગણાવાને ઉચ્ચતર મજ્જાતંતુઓને તથા તેઓની બીજી બાજુને તેઓએ ખીલવી નથી. તેઓ પૈસા પ્રાપ્ત કરવાની કળામાં પહેલે નંબરે આવે છે, પરંતુ અન્ય વિષયમાં તેઓ તેનાથી ઊતરતી પંક્તિએ જ આવે છે; કેમકે તેઓએ દ્રવ્યપ્રાપ્તિમાં જ તેમના જીવન–કાર્યની, તેઓની શક્તિની અને મિત્રતાની સાર્થકતા માની છે. પુષ્કળ દ્રવ્ય હોય પણ સાચા સહાયક મિત્રોનો અભાવ હોય તો તે કરતાં વિશેષ દુઃખદ વસ્તુ આ જગતમાં કોઈ નથી. જે કાર્યસિદ્ધિ મેળવવા જતાં આપણને આપણા મિત્રોનો અને જીવનમાં સૌથી પવિત્ર ગણાતી વસ્તુઓનો ભોગ આપવો પડે એમ હોય તે કાર્યસિદ્ધિની કશી ઉપયોગિતા નથી. આપણે અનેક મનુષ્યો સાથે ઓળખાણ હોય, પરંતુ તે સર્વની સત્ય મિત્રોમાં ગણના થઈ શક્તી નથી. જગતમાં અનેક ધનવાન માણસો હોય છે કે જેઓ સત્ય મિત્રતાના લાભ અને આનંદ ભાગ્યે જ સમજી શક્તા અથવા અનુભવી શકતા જોવામાં આવે છે.

કેટલાક એવા પ્રકારના મિત્રો હોય છે કે જેઓ આપણી સ્થિતિ સુખી હોય છે અથવા તેઓ આપણી પાસેથી કંઈક મેળવવાની આશા રાખતા હોય છે ત્યાં સુધી આપણી સાથે મૈત્રી રાખે છે અને આપણે નબળી સ્થિતિમાં મુકાઇએ છીએ કે તરત જ આપણો પરિત્યાગ કરવામાં એક ક્ષણનો પણ વિલંબ કરતા નથી. વોશીંગ્ટને એક સ્થળે લખેલું છે કે True friendship is a plant of slow growth and must undergo and withstand the shocks of adversity before it is entitled to the appellation. (મિત્રતારૂપી લતા ધીમે ધીમે વૃદ્ધિ અને વિસ્તાર પામે છે અને તે નામ ધારણ કરવાને અધિકારી બને તે પહેલાં તેણે વિપત્તિના આઘાત સહન કરવા જોઇએ અને તેની સામા થવું જોઇએ.)

આ સંબંધમાં નીચેનું દૃષ્ટાંત ધ્યાનમાં રાખવા યોગ્ય છે. એક ગૃહસ્થ હંમેશા એમ ધારતા કે મારે પુષ્કળ માણસોની સાથે સાચી મિત્રતા છે, પરંતુ જ્યારે તેણે તેની સર્વ મિલકત ગુમાવી ત્યારે જે લોકો તેના પર દેખીતી રીતે અનન્ય સ્નેહભાવ રાખતા તેઓએ તેને તરત જ તજી દીધો, અને તે બિચારાને તેઓની સ્નેહશૂન્યતાથી એટલું બધું દુઃખ થયું અને તે એટલો બધો હતાશ થઇ ગયો કે છેવટે તે તેનું માનસિક સમતોલપણું ગુમાવી બેઠો. આવી દુઃખદ અને નિરાધાર અવસ્થામાં થોડા સાચા મિત્રો તેને મજબૂત રીતે વળગી રહ્યા. જ્યારે તેણે તેનું સર્વસ્વ ગુમાવ્યું અને તેનો ધંધો–રોજગાર અટકી પડ્યા ત્યારે તેના બે જૂના નોકરોએ તેઓની પાસે જે કાંઇ હતું તે તેને આપ્યું અને તે વડે વ્યાપારનો પુનઃ આરંભ કરવાની તેને આગ્રહપૂર્વક વિનંતી કરી. તેનો એક બીજો સ્નેહી જે તેને માટે કામ કરતો હતો તે પણ ઉક્ત મનુષ્યના આપત્સમયમાં કર્તવ્યનિષ્ઠ રહ્યો અને પોતાની પાસે જે કાંઈ હતું તે તેને આપી તેણે ખરેખરો મિત્રધર્મ બજાવ્યો. આ સાચા મિત્રોની મિત્રભક્તિના બળથી તેણે તેની અસલ સ્થિતિ પુનઃ મેળવી અને ઘણા થોડા સમયમાં પહેલા જેવો દ્રવ્યવાન થઈ ગયો.

જેઓ મિત્રતાને આધારે વ્યાપાર કરે છે, જેઓ મિત્રતાનો એક મહાન સાધન તરીકે ઉપયોગ કરે છે અને તમારી સાથે મિત્રતા કરવામાં જેઓનો સ્વાર્થ સમાયેલો છે તેવા લોકો વિશ્વાસપાત્ર નથી; કેમકે તેઓ પોતાનો અંગત સ્વાર્થ સાધવાના હેતુથી તમને એક હથિયારરૂપ બનાવી શકે છે. હાલના સમયમાં આવા પ્રકારના મનુષ્યો જ્યાં ત્યાં મળી આવે છે, માટે તેવા લોકોથી ચેતીને ચાલવામાં જ શ્રેય છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લોભને થોભ નહિ

મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

લોભ એ કષાયનો ચોથો પ્રકાર છે. તે પણ પરિણામ તરતમતાએ ચાર પ્રકારનો છે "લોભને થોભ નહિ" એ લૌકિક કહેવત છે જેથી તેને સમુદ્રની ઉપમા આપેલ છે. લોભ કષાય રાગના ઘરનો છે. અને તેનો જોડીયો કષાય માયા છે. ક્રોધ, માન, માયા ત્રણે કષાયો વેળાસર છૂટે પરંતુ લોભ કષાય છૂટવો ઘણો જ મુશ્કેલ છે. શાસ્ત્રકાર મહારાજે બારમા ગુણસ્થાને તેનો ક્ષય કહ્યો છે. બધા કષાય કરતાં લોભની ચીકાશ લાંબા કાળે ઘણું જ આત્મબળ વધે ત્યારે જ છૂટે છે. કષાયને માટે પ્રશમરતિ ગ્રંથના કર્તા શ્રી ઉમાસ્વાતિ વાચક મહારાજે કહેલ છે કે—

क्रोधात् प्रीतिविनाशं,
मानाद्विनयोपघातमाप्नोति ।
शाठ्यात् प्रत्ययहानिं,
सर्वगुणविनाशनं लोभात् ॥

ક્રોધથી પ્રીતિનો, માનથી વિનયનો, માયાથી સરલતા ને વિશ્વાસનો અને લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે. મહાન પુરુષોએ લોભને સર્વ આપત્તિનાં મૂળરૂપ જણાવેલ છે. તૃષ્ણાથી મનુષ્ય ગમે તેવા પાપો કરી ધનવસ્તુનો સંગ્રહ કરે છે. અને પોતાની સત્તા તેના ઉપર જમાવવા ગમે તેવું આચરણ ચલાવે છે. લોભને મર્યાદા કે હદ હોતી નથી જેથી પરિગ્રહનું પ્રમાણ કરવા જૈન શાસ્ત્રકારો જણાવે છે. એક વસ્તુની તૃષ્ણા લાગી, પછી તે મળતાં વધારે મેળવવાની ઇચ્છા થાય છે.—લોભ વધે છે એ વિચિત્રતા જ છે. મનુષ્ય લોભની ખાતર હિંસા કરે છે, અસત્ય બોલે છે અને વખતે શાહુકારી બતાવી ચોરી કરે છે, ઠગે છે, ખોટા દસ્તાવેજ કરે છે, કૂડા માપ રાખે છે, ખોટી સાક્ષી પૂરે છે, વિશ્વાસઘાત પણ કરે છે. લોભથી અનેક પાપોની પરંપરા ચાલી આવે છે, લોભ સર્વ અનર્થનું મૂળ છે. તેથી જ તે લાંબા સમય સુધી રહે છે અને ઘણા જ ધર્મ અનુષ્ઠાનો કર્યા પછી જાય છે. લોભથી મનુષ્ય પોતાના પિતાનું મૃત્યુ વાંછે છે. વ્યવહારમાં ધનની જરૂર છે, પણ તે ઉપરાંત વિશેષ એકઠું કરવા પ્રયત્ન કરનાર ધનથી મળતું સુખ પણ ભોગવી શકતા નથી. લોભી મનુષ્યમાં દાન દેવાની વૃત્તિ હોતી નથી. તેમ પોતાના મેળે પણ ઉપભોગ કરી શકતા નથી. ધનના ત્રણ માર્ગો છે: દાન, ભોગ અને નાશ. દાન દે નહિ, ભોગોપભોગમાં ઉપયોગ કરે નહિં તેની છેલ્લી સ્થિતિ ધનનો નાશ જ છે. લોભી મનુષ્ય પાંચ ઇંદ્રિયોના વિષયસુખ ભોગવવા ધન પ્રાપ્ત કરે છે, પણ ઇંદ્રિયસુખ અશાશ્વત છે. દુઃખથી ભરપૂર છે. લોભી મનુષ્યને શાશ્વત અને ક્ષણિક વસ્તુઓનો વિવેક હોતો નથી, આપણી જરૂરિયાતો અને સગવડોને ખાતર જેટલું ધન આવશ્યક હોય તેનાથી વિશેષ ધન નિરર્થક તથા બોજારૂપ છે તે માટે જરૂર સિવાય વધારે ધન હોય તો ધર્મમાર્ગે ખરચવા શાસ્ત્ર બોધે છે. વર્તમાનકાળમાં મનુષ્યોનાં મોજશોખ, ખાવા-પીવાની વૃત્તિઓ વધતી જાય છે. લોકોમાં વાહવાહ કહેવડાવવાની પ્રવૃત્તિ વધતી જાય છે. કીર્તિના અભિલાષી થઈ ખલી આડંબરથી માન પ્રતિષ્ઠા વધારવા માંગીએ છીએ જેથી વ્યવહાર અને વ્યાપારમાં પણ કાવાદાવા, છેતરપીંડી, ખોટી રીતે ધન મેળવવા અનેક પ્રયત્નો કરીએ છીએ, વ્યાપારમાં અંદરખાને પોલ હોય અને લોકોને મોટા વ્યાપારી અને વ્યવહાર ઉજળો બતાવવા કંઈક જાતના આડંબરો, ડોળો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદારતા બતાવી પોતાની આંટ ઊભી રાખવા, વ્યવહારમાં બીજાઓને આંજી નાખે તેવા ધર્મનાં સમાજ વગેરેમાં ઉજળા દેખાવાના પ્રયત્નો કરે છે. આ તૃષ્ણા-લોભવૃત્તિ છેવટે તેવા મનુષ્યનું અધઃપતન કરે છે. આપણી જરૂરિયાતો જેમ વધારીએ તેમ વધે છે અને તેથી લોભ વૃત્તિ અનેક પાપોને ખેંચી લાવે છે. પરંતુ તેને બદલે શુદ્ધ સાત્વિક ખોરાક, સ્વચ્છ જળ, સ્વચ્છ સાદા કપડા અને ત્રણે ૠતુમાં શરીરનું રક્ષણ થાય તેવું સાદું મકાન અને કુટુંબના કે પોતાના ઉપયોગમાં આવે તેટલું સ્થિતિસંપન્ન રાચરચીલું વગેરેની મનુષ્યને જરૂર છે. ધર્મ સાધન માટે શરીર ઉપયોગી થાય તેટલા પૂરતી સાધનની જરૂર છે, પરંતુ બાકી વધારે ચીજોની જરૂર નથી. આટલી સંતોષવૃત્તિ મનુષ્યને જાગૃત થાય તો લોભ ઘટતો જાય છે. ખાનપાન જોઈએ તે કરતાં વધારે લેવાને પરિણામે મનુષ્યને અજીર્ણ થતાં અનેક પાપોની શ્રેણીઓ ઊભી થાય છે. પાપનો બાપ લોભ કહેવાય છે અને તેને પાપનું મૂળ પણ કહેવામાં આવે છે. મનુષ્ય વિચાર કરે કે મને મળેલ ધન, વૈભવ સાથે આવવાના નથી. છેવટ સુધી ટકી રહે તેવું તો પુણ્ય છે અને તેજ જિંદગી સુધી રહે. આપણે આત્મા છીએ, સાથે તો પાપ પુણ્ય જ આવવાના છે. અને આ ભવમાં મળેલ વૈભવ વગેરે સાધનો ખરી રીતે આત્માના નથી—કાયમ રહેવાના નથી. પરભવમાં આવવાના નથી તો શા માટે તેના ઉપર માલેકી ધરાવવી જોઈએ, જેથી તેના ટ્રસ્ટીઓ છીએ અને તેનો વ્યવહાર અને ધર્મમાં સદુપયોગ કરવાનો છે. એમ માનીએ તો તે દુઃખરૂપ થતાં નથી. મનુષ્યે મેળવેલ જ્ઞાન, ખીલવેલી શક્તિ અને મનુષ્ય જન્મનું સાર્થક કરવા મેળવેલો આનંદ તે જ આપણા છે અને તે જ સાથે આવવાના છે એવી વૃત્તિ ઉત્પન્ન થાય તો સંતોષ પ્રગટે છે. દરેક મનુષ્યે ધન. વૈભવ મેળવવા વગેરે બાબતમાં મર્યાદિતપણું (પરિગ્રહ-પરિમાણ) કરવું અને અમુક હદે સંતોષી થવું જોઈએ અને તેનું પરિમાણ (યોગ્ય નિયમ ધારવા-પૂર્વક) કરી લોભ-તૃષ્ણાની વૃત્તિ ઉપર જય મેળવવાં દિવસાનુદિવસ પ્રયત્ન કરવો જોઈએ. કહેવત છે કે—

(દોહરો)

જે લોભે લલચાય લાલચ ધરી, તે કર્મ કાળાં કરે,
લોભીનો જન કોઇ અંતર વિષે, વિશ્વાસને ને ધરે;
છે તે લોભ જ પાપમૂળ જગમાં, લોભે બને દુર્મતિ,
લોભ ક્રૂર કષાયથી જગતમાં સૌ કષ્ટ પામે અતિ. (૧)

---

अहन्यहनि भूतानि गच्छन्तीह यमालयम् ।
शेषा स्थावरमिच्छन्ति किमाश्चर्यमतः परम् ?

રોજ ને રોજ જાય છે, પ્રાણીઓ યમમંદિરે;
માને અમર પોતાને, એથી બીજી નવાઈ શી?

सुलभं भगवन्नाम जिह्वा च वशवर्तिनी ।
तथापि नरके यान्ति किमाश्चर्यमतः परम् ?

સાધ્ય છે ઇશ્વર નામ, જીભ છે જપવા વળી;
છતાં નરકે પડે પ્રાણી, એથી બીજી નવાઇ શી?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસંગોપાત સત્ય પ્રગટે છે

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'—માલેગામ

ડાહ્યા માણસના માથે કાંઈ શીંગડા હોતા નથી, તેમ મૂર્ખને કાંઈ પૂંછડું હોતું નથી. દુષ્ટ માણસનો રંગ શ્યામ હોય અને સજ્જન માણસનો રંગ ગોર હોય એવો કોઈ નિયમ હોતો નથી. એ તો પ્રસંગ પડે સાચી ઓળખાણ થઈ જાય છે. એકાદ પંડિતોની સભા મળી હોય તેમાં મૂર્ખ માણસ એકાદ વાક્ય બોલી જાય છે અને તરત જ તેનું પોત ખુલું પડી જાય છે. રંગીન કપડું પાણીમાં ધોવામાં આવે ત્યારે તેનો રંગ પાકો હોય તો જ ટકી શકે. કાચો હોય તો તરત જ કપડાથી છૂટો પડી જાય અને કપડું બગડી જાય.

સજ્જન સખ જુગ સરસ હૈ જબ લગ પડો ન કામ,
હેમ હુતાશન પરખીએ તો પીતલ નિકસત શામ.

જગતમાં દરેક પ્રાણી પોતાને સારો જ ગણે છે અને ઉપલક દૃષ્ટિથી બધાઓ લગભગ સારા જ જણાય છે. પણ જ્યારે પ્રસંગ આવી પડે છે ત્યારે જેમ બહારથી દેખાતું સોના જેવું સુંદર જણાવા છતાં પીતળ હોય તો અગ્નિમાં નાખતા તે કાળું પડી જાય છે, તેમ તે જીવનો સ્વભાવ કે પ્રકૃતિ જેવી હોય છે તેવી પ્રગટ થયા વિના રહેતી નથી. આમ તો મોટી મોટી ડહાપણની વાતો બધા જ કરે છે, પણ સંકટ પ્રસંગે જેમ સોનું આગમાં પડતાં વધારે ચળકાટ ધારણ કરે છે તેમ સાચો સજ્જન હોય છે તે સ્થિરતા અને ધીર ધારણ કરી સહીસલામત છૂટી જાય છે. પણ સામાન્ય માણસ હોય તે સંકટ પ્રસંગે તરત જ ડામાડોલ થઈ જાય છે અને પોતાનું નાદાનપણું તરત જ બતાવી આપે છે, માટે સોનું છે કે કેમ તે અગ્નિમાં પરીક્ષા કરી લેવું પડે છે. આમ સામાન્ય દેખાવ ઉપરથી તેનું સ્વરૂપ જોવામાં આવતું નથી.

બ્રહ્મજ્ઞાનની મોટી મોટી વાતો કાંતનારાના ઘેર કોઈ મૃત્યુ પામે છે ત્યારે તે તરત જ રડારોળ કરી મૂકે છે. દ્રવ્યની જરૂર પડતા અનેક જાતના દેવી-દેવલાઓ આગળ નાક ઘસે છે. દેવતાઓને પણ પોતાના જેવા જ લાલચુ સમજી માનતા કરે છે. અનેક ધુતારાઓ ગમે તે અકૃત્ય કરવાનું બતાવે છે તે કરવા પ્રેરાય છે. મતલબ કે આવા પ્રસંગે પોતાની મોટી મોટી વાતો ભૂલી પીતળની પેઠે પોતાનું કાળું રૂપ પ્રગટ કરે છે.

काकः कृष्णः पिकः कृष्णः
को भेदः पिककाकयोः ? ।
प्राप्ते तु वसन्तसमये
काकः काकः पिकः पिकः ॥

આ સુભાષિત એમ સૂચવે છે કે, કાગડો કાળો હોય છે તેમ કોયલ પણ કાળી જ હોય છે. એ બન્નેમાં કયો ફેર છે? પણ વસંત ઋતુ જ્યારે આવે છે ત્યારે કાગડો તે કાગડો અને કોયલ એ કોયલ તરીકે ઓળખાઈ જાય છે. વસંત ઋતુમાં આંબાની મંજરી જ્યારે કોયલ ખાય છે ત્યારે તેના કંઠમાંથી શ્રવણમનોહર એવા પંચમ સ્વરનો આલાપ બહાર પડે છે. અને સાંભળનારા મંત્રમુગ્ધ જેવા બની તે સાંભળે છે. ત્યારે કાગડો પોતાનો કર્ણકટુ કર્કશ શબ્દ ઉચ્ચરતો જ રહે છે. એટલે આવા પ્રસંગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કાગડો અને આ કોયલ એવો ભેદ ઊઘાડો પડી જાય છે. મતલબ કે પ્રસંગ પડતા માણસની સાચી ઓળખાણ થાય છે. તે વિના બધા જ સારા જણાય છે. સાચા ખોટાનો નિર્ણય થઈ શકતો નથી.

અધ્યાત્મજ્ઞાન ઉપર લાંબું પ્રવચન સંભળાવનારા પણ પ્રસંગ આવતા ભ્રષ્ટાચાર સેવવા માંડે છે. ત્યારે એ અધ્યાત્મજ્ઞાનની વાતો એ **परोपदेशे पाण्डित्यम्** એટલે પારકાને ઉપદેશ કરવા પૂરતું જ પંડિતપણું હોય છે એ સ્પષ્ટ સિદ્ધ થાય છે. કોઈ સારો આચાર પાળવો, સારા ધર્મવ્રતો કરવા, ધર્માર્થે દાનપુણ્ય કરવું એવો ઉપદેશ બીજાઓ માટે જ હોય. પોતાને એમાં કશું લેવાદેવા નહીં. એવા વાતુડીઆ કાગડાની પંક્તિમાં જ બેસે છે. કોયલ આમ વાચાલતા કરતી નથી, પણ પ્રસંગોપાત્ત મધુર આલાપો સંભળાવે છે તેમ મનુષ્યની સાચી ઓળખાણ થવા માટે કઠણ પ્રસંગની રાહ જોવી પડે છે.

કહેવાનો મતલબ એ છે કે, મનુષ્યે હમેશ એક સરખા રહેવું જોઈએ. વખત આવતા ખસી જવું કે કાયર બની જવું એ અત્યંત નિંદ્ય ગણાય છે. ઘડી ઘડી વખત આવે પાઘડી ફેરવનારને લોકો તરતજ ઓળખી જાય છે. અને એના શબ્દની કશી જ કીંમત લોકો આંકતા નથી, માટે મનુષ્યે હમેશ સાવધાન રહી બોલવું જોઈએ. અને બોલ્યા પછી ગમેતેવું સંકટ આવી પડતા પણ પોતાનો શબ્દ સાચો રાખવા પ્રયત્ન કરવો જોઈએ. એનો અર્થ એવો નથી કે, હઠીલાઈ રાખવી જોઈએ. કારણ હઠીલાઈ પણ ઘણા અનર્થો નિર્માણ કરે છે. પોતાના સિદ્ધાંતો ઉપર મક્કમ રહેવું પણ બીજાઓ ઉપર આક્રમણ કરી પોતાના મંતવ્યો બીજા ઉપર ઠોકી બેસાડવા પ્રયત્ન કરવો એ નરી બાલિશતા છે. બીજાઓનું ગમે તેવું નુકશાન થાય તેની ફીકર નહીં કરતા ગમે ત્યારે પોતાનું જ હાંકે એ તો પેલા કાગડાના કાકારવ જેવું જ થવાનું.

સમ્યક્ત્વ તો અમને જ વરેલું હોય, બીજાઓને તેનું જ્ઞાન ક્યાં છે ? એવી કલ્પના કરી પોતાનો કાકારવ કરતા રહેવાથી સરલતા, ઋજુતા અને સત્ય ધારણ કરનારનું કાંઈ બગડવાનું છે જ નહીં. જેમ કોયલના મધુર સ્વર તરફ બધાઓનું આકર્ષણ વધતું જ રહે છે તેમ સરલ અંતઃકરણના સંત તરફ બધાઓની ભાવના એક સરખી વધતી જ રહે છે માટે જ હિતકર અને મિષ્ટ વચનો બોલવાનું જ પસંદ કરવું એ યોગ્ય છે. કઠોર વચનો બોલવાથી સાંભળનારના અંતઃકરણમાં કદી પણ સારી ભાવના થતી જ નથી. એ જાણી આપણા વિચારોને શુદ્ધ કરવાનો જ પ્રયત્ન અખંડ રીતે કરતા રહેવું જોઈએ.

અસત્યને ગમે તેવું રૂપ આપી તે સત્યમાં ખપા-વવા પ્રયત્ન કરીએ તો પણ અસત્યનું સ્વરૂપ વખત આવ્યે ઊઘાડું પડી જ જાય છે. ચાહે આપણે અસ-ત્યનો કોઈપણ પ્રસંગે આશરો લઈ છેતરપિંડી કરવી એ ઉચિત ન જ કહેવાય. શાસનદેવ બધાઓને સર-ળતા અને સદ્બુદ્ધિ આપે એ જ અભ્યર્થના !

अविमृश्य कृतं कार्यं पश्चात्तापाय जायते।
न पतंत्यापदंभोधौ विमृश्य कार्यकारकाः ॥

વિચાર્યા વિના કરેલું કાર્ય પશ્ચાત્તાપને માટે થાય છે, અને જેઓ વિચારપૂર્વક કાર્ય કરે છે તેમને આપત્તિરૂપ મહાસાગરમાં પડવાનો વખત આવતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બંધુમતી

લે. જયભિખ્ખુ

સામયિકના દેહ પર જોબનિયું ઝોલા ખાતું હતું. સહેજી સપ્રમાણ યુવાની જોવી હોય તો સામયિકને જોવો એમ લોકો કહેતા. એની નાની મૂછો નીચે કામદેવ જાણે પોતાની કામઠી તાણીને બેઠો હતો: ને એના આંખના પલકારામાં હૈયાનાં સુંવાળાં કમાડ જાણે આપોઆપ ખળભળી ઊઠતાં.

સામયિક કણુની દુનિયાનો માણુસ હતો. પ્રકૃતિના ખોળે એનું પોષણ થયું હતું. ખેતરની ધૂળમાં ને રસ્તાની માટીમાં રમીને એ મોટો થયો હતો. વિધાતાએ ભારે કસબથી એનો દેહ કંડાર્યો હતો. એ દેહને સૂર્યદેવના સહસ્ત્રરશ્મિએ તપાવીને તપ્તકાંચન બનાવ્યો હતો. હવાએ એને નાજુકાઈ અને સુંવાળપ અર્પી હતી.

સામયિકની સરસાઇ કરે એવા કેટલાક જુવાનો ગામમાં જરૂર હતા, પણુ સામયિકની સરસાઇ કરે એવી જુવાનડી તો ગામમાં માત્ર એક હતી: ને તે વિશાખ કણુબીની દીકરી બંધુમતી! ભારે તોફાની! ભારે અટકચાળી! ભારે બટકબોલી!

વાતવાતમાં કાબરની જેમ લોકો સાથે ચીંવી ચીંવી કરી મૂકે ને પાછી વાતવાતમાં કોયલની બાનીથી લોકોને હસાવી દે! વિશાખ કહેતો કે જો વાયરાને કબજે રખાય, તો બંધુમતીને કબજે કરાય. એને કોઇ એવા વર સાથે વરાવવી પડશે કે જે એને કાનની બૂટ પકડાવે! એમ તો ચંપાની ડાળ જેવી નમણી બંધુમતીને વરવા આવનારાઓની ખોટ ન હતી, પણુ બંધુમતીનો પિતા એ લોકો પર દયા લાવીને કહેતો:

'ભાઇ! વાઘને વશ કરવાનું બૂતું સહુ કોઇનું નહિ! બંધુમતીને પરણુવાનું તમારું ગજું નહિ! તમારી પાસે એ એના પગની મોજડી ઉપડાવશે! વાશીદું વળાવશે! એનાં કપડાં ધોવરાવશે. ને પછી ઉપરથી કહેશે કે વર રાંધણીયો, વર સિંધણીયો! વર ધમ્મર ઘંટી તાણે!'

કેટલાક હોંશીલા જુવાન આપમેળે યત્ન કરવાના ઉત્સાહમાં આવતા. તેઓ વિચારતા કે બંધુમતીને પરાક્રમથી વશ કરીએ. સ્ત્રીને શૂરવીરતા ગમે છે. આમ કેટલાક એની પાસે શૂરવીરતા બતાવવા ગયા, તો ઊલટાના બંધુમતીના પરાક્રમ આગળ કરમાઇને આવતા રહ્યા હવે તેઓ નિંદા કરવા બેઠા કે કુદરતે સાત ભાયડા ભાંગીને એક નાર ઘડી છે!

ગામના કેટલાક ઘરડેરા જેઓ હંમેશાં લગ્ન-જોડીઓ જોડવામાં કુશળ હતા, તેઓ અંદરોઅંદર વણુમાગ્યો અભિપ્રાય આપતા કે જોડી તો આ સામયિક ને બંધુમતીની થાય એવી છે! પણુ દારૂને અને દેવતાને બેને ભેગા કોણુ કરે? એકને એકનું ગુમાન હતું, બીજાને બીજાનો ગર્વ હતો.

પણુ ઘરડેરાઓની આ ઇચ્છા એક દહાડો અચાનક બર આવે એવો બનાવ બન્યો. ઢોરને ગોચરોમાં ચરાવી, મોરના ટહુકા કરતી, વાસંતી કાવ્ય ગણુગણુતી, બંધુમતી એક વાર સરિતાતટે જાનવરને પાણી પીવરાવવા આવી! વસંત ઋતુ હતી. આંબે મોર હતા. વનમાં વનશ્રી ખીલી હતી.

ઢોર પાણી પીવા નદીમાં ઊતર્યા. બંધુમતી આસપાસની સુંદર સૃષ્ટિને નિહાળતી ઊભી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવી સૃષ્ટિ ! વેલી વૃક્ષને વીંટળાઇ ગઈ છે. મોર હરિયાળા વનમાં નાચે છે. ઢેલ ઓધાન ભરે છે ! મંદ મંદ મલયાનિલ વાય છે. બંસરીના મીઠા સૂર ને ચંદનની સુવાસ એમાં વહી આવે છે !

બંધુમતીનાં ઢોર નિર્મળાં જળ પીએ છે. આ વખતે નાનું એવું એક વાછરડું પાણી પીતું ગેલ કરતું નદીમાં આગળ વધી ગયું. સરિતા બે કાંઠે હતી. વાછરડું મધવહેણમાં પડયું ને તણાવા લાગ્યું. ગરીબ વાછરડું બેંબેં કરી રહ્યું !

બંધુમતીને કાને એ આર્તસ્વર આવ્યો, ને એ લાગલી દોડી. ઢોરઢાંખર તો એને જીવ સાટે વહાલાં હતાં. એણે આગળ પાછળનો વિચાર કર્યા વગર નદીમાં ઝંપલાવ્યું. એ મગરમચ્છની જેમ હલકારા કરતી વહેણમાં પહોંચી, ને વાછરડાને પૂંછડે પકડી વહેણ બહાર ફેંકી દીધું. ગોવત્સ સમ–જળમાં આવતાં ધીરે ધીરે કાંઠા તરફ ચાલ્યું ગયું.

પણ ગોવત્સને ભયમુક્ત કરનાર બંધુમતી પોતે ભયમાં ઘેરાઈ ગઈ. ઉતાવળમાં એના ખભા પર રહેલું ઉત્તરીય કેડ આગળ વીંટળાઇને પગમાં બેડીની જેમ ગૂંચાઇ ગયું ! હાથના બળ પર એણે વહેણમાંથી નીકળવા પ્રયત્ન કર્યો. જેમ પ્રયત્ન કર્યો એમ એ વધુ ગૂંચવાઈ ગઇ. એક વાર ઊંડા પાણીમાં ડૂબકી ખાઈ ગઈ.

હાય રે હાય ! સોનાપરી ને રૂપાપરી જેવી બંધુમતી, હવે તાકીદે મદદ ન પહોંચે તો ક્ષણ બે ક્ષણની મહેમાન હતી ! ચારેતરફ કોલાહલ થઇ ગયો. પણ કોલાહલ કરનારાં હમેશાં કાર્યસિદ્ધિ માટે કમજોર હોય છે. કોઇ બંધુમતીનો જીવ બચાવવા પોતાનો જીવ હોડમાં મૂકવા તૈયાર ન થયું. અચાનક ઝાડની ડાળ પરથી આછી આછી બંસી વાતો એક જુવાન નીચે કૂદ્યો. મત્સ્યના વેગથી વહેણ તરફ સરી ગયો. મધવહેણમાં પહોંચીને બંધુમતીને જોતજોતામાં એક હાથે ઊંચે ઉઠાવી લીધી ! જાણે વરુણદેવે સાગરસુંદરીને અદ્ધર તોળી લીધી. કોઇ જળહાથીએ જાણે પૂર્ણ વિકસિત કમળને સૂંઢમાં ગ્રહી ઊંચું કર્યું !

પાણી પી ગયેલી બંધુમતી થોડોક સહારો મળતાં સાવધ થઇ ગઇ. વસ્ત્રોને સંભાળી શકાય તેમ નહોતું, પણ શરીરને સમાલી લીધું. જુવાનના હાથના આધારે એ પોતાના દેહને પાણી પર લઇ આવી. બે હાથે ઝડપથી પગમાં પડેલી વસ્ત્રની આંટી કાઢી નાખી !

'બંધુમતી !' પેલો જુવાન બોલ્યો, 'આવ, મારા એક ખભા પર બેસી જા ! એક હાથે તરતો તરતો, ઊંચકીને તને બહાર લઇ જાઉં !'

અનિવાર્ય નિરાધારતા માણી રહેલી બંધુમતી આ સાંભળી રોષમાં આવી ગઈ, ને બોલી : 'તારા હાથ ઉપર બેસીને બંધુમતી તરશે ? જા, જા,' બંધુમતીએ આટલું કહેતાંની સાથે જુવાનનો હાથ છોડી દીધો. પાણીમાં પગનું જોરથી એક હલેસું માર્યું ! એ હલેસું જુવાન સામયિકની મશકની જેમ ફૂલેલી છાતી પર પડયું ! સામયિકને અણધારેલો લાધેલો પુરુષત્વનો દર્પ ચુરચુર થઈ ત્યાં ને ત્યાં વેરાઇ ગયો.

બંધુમતી પોતાના પ્રયત્ન પર તરવા માંગતી હતી, પણ હજી એ એટલી સ્વસ્થ નહોતી. ફરી એ પાણીના ઊંડા તળમાં સરી ગઇ. જુવાન આગળ વધ્યો. એણે જરા ગુસ્સામાં ને જરા પ્રેમના ભાવથી કહ્યું :

'બંધુમતી ! મારો હાથ પકડીશ, તો નાના બાપની નહિ થઇ જા !'

પણ એટલી વારમાં બંધુમતી પોતાના પ્રયત્નથી ઉપર આવી. પળ બે પળમાં એ સ્વસ્થ થઇ ગઇ, ને બોલી :

'એમ કોઇની જીવાડી નહિ જીવું !' બંધુમતી જાણે કહેતી હતી કે પરાશ્રયથી જીવવું, પારકાની દયાથી જીવવું મારે મન મોત કરતાંય ખરાબ છે,

For Private And Personal Use Only

સરિતાકાંઠે એકત્ર થયેલાં લોકો બંધુમતીના આ ગર્વને હવે તિરસ્કારથી જોવા લાગ્યા ! પણ બેપરવા બંધુમતી તો એ જ ગર્વથી, એ જ રૂઆબથી, એ જ ઠસ્સાથી, એ જ આત્મદર્પથી પોતાનાં પશુ લઇને ચાલી ગઇ ! એણે જતાં જતાં જુવાનને માપી લેવા માટે જ ન હોય એમ, એક છાની નજર નાખી, પણ આભારનું એક અડધું વચને ય ન કહ્યું.

પેલો જુવાનિયો પણ એને ગુમાન સાથે જતી જોઇ રહ્યો. એનેય આજ પોતાની ફૂલડે ફોરતી જુવાની ઓછી ઓછી લાગી. એય કંઈ ઓછો અભિમાની નહોતો. એ બોલ્યો :

‘ નકરી ગજવેલની બનેલી લાગે છે ! ’

‘ સામયિક ! દોરત ! એ ગજવેલને ગાળીને મીણ બનાવે તો તું ખરો ! ’

‘ભાઈ ! નારને વશ કરવાનું એક માત્ર સાધન પ્રીત, પ્રીત જાગે તો મીણથીય નરમ ! નહિ તો ગજવેલનેય ગાળી નાખે એવી કઠણ. પણ આ થુવર ને કાંટાની વાડોમાં પ્રીત ક્યાંથી ઊગે ? ’ સામયિકે કહ્યું. એના શબ્દોમાં દર્દભરી નિરાશા હતી.

એ દિવસનો કિસ્સો ગામમાં ઘણા દિવસો સુધી ચર્ચાનો વિષય બન્યો ! પણ સામયિક ને બંધુમતી તો એનાં એ હતાં ! ફેર એટલો પડ્યો હતો કે તેઓ છાનાં છાનાં મીઠાં મીઠાં સ્વપ્ન જોતાં થયાં હતાં. શ્રમજીવીઓની દુનિયામાં ઘણીવાર સ્વપ્ન પણ સત્ય જેવું કામ કરે છે !

•

દીકરી મોટી થાય, એનું જોબન ગલગોટા કાઢતું થાય, ત્યારે માબાપની ઉપાધિનો પાર રહેતો નથી. એમાંય બંધુમતી જેવીના લગ્ન એટલે પહાડને એની જગાએથી ખસેડી બીજે લઇ જવા જેવું કામ !

છતાં કદી કોઈ વાતમાં જલદી હાર કબૂલ ન કરનારા ગામના ઘરડેરા કહેતા કે ચિંતા ન કરશો. સમય સમયનું કામ જરૂર કરશે.

ને ખરેખર સમયે સમયનું કામ કર્યું. આશ્ચર્યની વાત એ બની કે સમય આવતાં આ પહાડ ખસેડવા જેવું કઠણ કામ, ગુલાબના છોડ પરથી ફૂલ તોડવા જેવું સહેલું બની ગયું.

એક વાર સામયિક ને બંધુમતીની માતાઓ શેઠે આંબા વેડવા ગઇ હતી ! વાતમાંથી વાત નીકળી, દીકરા–દીકરીના સગપણની ! દીકરીની માતાઓના જીવનમાં બીજી કઇ મોટી ચિંતાની વાત હોય ?

સામયિકની માએ કહ્યું : પેલા નદીવાળા પ્રસંગ પછી, સામયિક હમેશાં ને હમેશાં કંઇક વિચારમાં રહે છે. કોઈ વાર બેઠો બેઠો લીંટા કાઢે છે. મને તો એમાં તમારી દીકરીનો ચહેરો દેખાય છે. પણ હવે કહેતાં મારી જીભ નથી ઉપડતી.

બંધુમતીની માએ કહ્યું: ‘ આખરે તો ધાર્યું તો ધણીનું થશે, આમાં આપણું ધાર્યું કંઇ થાય તેવું લાગતું નથી. પણ હું હવે થોડી આશાવાળી થઈ છું. બંધુમતીમાં હમણાં હમણાં કંઈ પરિવર્તન દેખાયા કરે છે. પહેલાં તો લગ્નની વાત થતી તો તરત ચડભડી ઊઠતી, હવે તો છાની છાની સાંભળી રહે છે. સામયિક જેવો જમાઈ જગમાં ક્યાં મળવાનો છે ! આજ ફરી વાત મૂકી જોઉં. સોનામાં સુગંધ જેવો ઘાટ છે, બહેન ! એટલે તો એને ગમતું નથી, તોય વારંવાર કહું છું.’

બીજે દિવસે વાત મુકાણી, ને તરત વાત ઝડપાણી. હંમેશાં નફ્ફટ જવાબ આપતી બંધુમતી આજે લજ્જાવનત બની અંદર ઓરડામાં જઈ બેસી ગઈ. કંઈ ન બોલી. મૌનને સંમતિસૂચક માની લેવાયું. માએ બાપને કહ્યું:

‘ એ તો સમયે આંબા પાકે. નકામી તમે મારી ભોળી બંધુમતીને વગોવી નાખી ! ’

‘ હવે લાંબી-ટૂંકી કર્યા વગર વગડાવો વાજાં. ઘોળમંગળ ગવરાવો. આજની ઘડી રળિયામણી કરો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિ તો આ છેલછબીલીઓની મનમોજનાં આવતી કાલના ભરોસા નહિ !'

ગૃહિણીને આ સામે કંઈક કહેવાનું હતું, પણ હવે તેનો સમય નહોતો. તેનો કંઈ અર્થ પણ નહોતો. એને તો કામથી કામ હતું. ધોળમંગળ ગવાયાં, આજની ઘડી રળિયામણી કરી દેખાડવાની હોંશ હૈયામાં ક્યારથી સંઘરી રાખી હતી ને લાડો ને લાડી–સામયિક ને બંધુમતી પરણી ઊતર્યાં.

ગજવેલની પૂતળી બંધુમતી, અગ્નિ જેવી ઉષ્માવાળા સામયિકની અંગના બની, જાણે મીણની બની ગઈ! દૂધ ને સાકરની જેમ સામયિક ને બંધુમતી હળીમળી ગયાં! એમનું દાંપત્ય લોકોમાં દૃષ્ટાંતરૂપ બન્યું.

કોઈવાર મોભારે નીસરણી મૂકી બંધુમતી ખડ કાઢવા ચઢતી ધીરેથી આવીને સામયિક નીસરણી લઈ લેતો. બંધુમતી બૂમાબૂમ કરી મૂકતી.

સામયિક કહેતોઃ 'કહેતી'તી ને કોઈની જીવાડી નહિ જીવું! તો માર ભુસકો!'

બંધુમતીને તો કહેવાની વાર! એ ત્યાંથી કૂદી પડતી. સામયિક દોડીને ફૂલના દડાની જેમ એને ઊંચકી લેતો, ને પછી સુંવાળા વાંસામાં ચૂંટી ખણતો કહેતોઃ

'પડી હોત તો-અંગેઅંગના અંકોડા જુદા થઈ ગયા હોત!'

'તારી અંગના છું ને? અંગેઅંગ છૂટા પડી ગયાં હોત, તોય મને ખોટ નહોતી પડવાની. મારી ચાકરીમાં તને ઊભો ને ઊભો રાખત!'

'અંગના?' સામયિક બોલ્યો.

'આગ જેવી કાં!' બંધુમતી જાણે સામયિકના મનનો ભાવ સમજી હોય, તેમ બોલી.

'આગ જેવી અંગના! પણ મારે મન શિયાળાની અંગીઠી જેવી!'

વાદીલાં છતાં વહાલપમાં માનનારાં બંને જણાં આવા આવા રોજ પ્રશ્નોત્તર કરતાં ને પ્રીત વધારતાં.

આમ આ ભોળાં દંપતી પૃથ્વી પર સ્વર્ગનું જીવન ઉતારતાં! જેની સાથેનો સંસાર ખાંડાની ધાર જેવો કહ્યું ગણાતો, એ ખાજાં ખાવા જેવો મીઠો બની ગયો.

એ પ્રીતના, ગેલાઈના, લાડના દિવસો ચોમાસાના પૂરની જેમ વહી ગયા મીઠા ઘેવૂર વડલા જેવાં મા-બાપ પણ ચાલ્યાં ગયાં. સંતાનમાં કંઈ થયું નહિ, એટલે એમની જુવાની લડવૈની રહી જાણે કાલે જ પરણી ઊતર્યાં હોય એવાં રિસામણાં–મનામણાં ચાલ્યાં કરે છે!

(ચાલુ)

## સંતની ક્ષમા

એક સંત એક ગામથી બીજે ગામ જતા હતા. કોઈ દુષ્ટ માણસ તેને આખે રસ્તે ગાળો દેતો દેતો તેની સાથે ચાલતો હતો. સંત તો પોતાના સ્વભાવ પ્રમાણે શાંત રહ્યા. કાંઈ બોલ્યા નહિ. ધીમે ધીમે બીહડ રસ્તો પસાર કરી ગામ નજદીક તે આવી પહોંચ્યા. સંતે કહ્યું "ભાઈ, તારે જે કહેવું હોય તે બધું હમણાં જ કહી દે. આપણે ગામમાં દાખલ થશું. ગ્રામજનોને મારે માટે ઘણો પ્રેમ અને માન છે. તેઓ સાંભળશે તો તને મારશે. મારે ખાતર તું મુશીબતમાં મુકાય તેમ હું ઈચ્છતો નથી."

આ સાંભળી સંતની શાંતિ અને ધીરજ જોઈ દુષ્ટ શરમાઈ ગયો. અને ક્ષમાયાચના માટે તુરતજ સંતના પગમાં પડી ગયો.

'દર્શન'માંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# ગરીબાઈની મઝા

આરોગ્યશાસ્ત્રના એક અંગ્રેજ નિષ્ણાતનો મત છે કે ગરીબ લોકોને કંઇ નહિ તો એક બાબતની નિરાંત હોય છે. હદ બહારનો શ્રમ કરનારા, ઓછું પોષણ પામનારા, અને નીચા જીવનધોરણનાં ગુજારો કરનારા લોકોને લોહીના વધુ દબાણનો રોગ કદાપિ લાગુ પડતો નથી. આ ઉપરાંત શ્રી વેલ્સરે; જણાવ્યું છે તે પ્રમાણે વધારે પડતા માનસિક ઉશ્કેરાટને લઇને જન્મતા વાઇ, જલંદર, રક્તવાત અથવા તો તેના જેવા અન્ય રોગો તેને થતા નથી. આરોગ્યનિષ્ણાતોએ દર્શાવેલા આ લાભો ઉપરાંત અન્ય આધ્યાત્મિક લાભો પણ ગરીબ માણસોને થાય છે. સૌથી પ્રથમ તો તેને બાઇબલમાં દર્શાવેલો નીચેનો આશીર્વાદ મળે છે: "ગરીબ લોકોનું જીવન ધન્ય છે કારણ કે તેમને સ્વર્ગનું સુખ મળવાનું છે." અને ખરેખર દૂધ, સાકર અને મદિરામાં ડૂબ્યા રહેતા ધનવાનો માટે સ્વર્ગ મેળવવાનું કાર્ય આકાશમાંથી તારા તોડવા જેટલું જ અઘરું છે. આ ઉપરાંત ગરીબ લોકો ગર્વ અને આળસ જેવા બે મહાન દૂષણોથી મુક્ત હોય છે. આ બે સિદ્ધિઓ જ એવી છે કે માત્ર તેટલાથી જ તેમને સ્વર્ગપ્રવેશ કરવાનો કાયમી પરવાનો મળી જાય. કવિતા અને ગરીબી પરંપરાથી સાથે રહેલી બે સગી બહેનો છે. ઉત્તમ કવિતાનું સર્જન મગજ જ્યારે તર હોય અને પેટ જ્યારે ખાલીખમ હોય ત્યારે એકાદી તૂટી ફૂટી કોટડીના અંધાગાર ખૂણામાં થાય છે.

છેવટે કંઈ નહિ તો આજના કલ્યાણકારી રાજ્યમાં દુર્લભ ગણાય એવો એક અગત્યનો લાભ તો તેમને મળે જ છે. કરવેરાનું ભયંકર ભૂત તેમને કદાપિ સતાવી શકતું નથી. ખરેખર આ પાર્થિવ સુખને સ્વર્ગના સુખ સાથે જ સરખાવી શકાય. આમ ગરીબ લોકોને પૃથ્વી અને સ્વર્ગ એમ બંને લોકનું ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે.

('ટાઇમ્સ ઑફ ઇન્ડીયા' ના લેખનો અનુવાદ)

મુદ્રક હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only